રાજકોટમાં કોંગ્રેસનાં બે ઉમેદવારનાં ફોર્મ રદ થયા

વોર્ડ નંબર-૧ના કૉંગ્રેસના ઉમેદવાર ભરત શિયાળ અને વોર્ડ નંબર-૪ના ઉમેદવાર નારણ સવસેતાનું ફોર્મ રદ

રાજકોટ,તા.૮

રાજકોટ મનપાની ચૂંટણી માટે મતદાનની પ્રક્રિયા ૨૧મી ફેબ્રુઆરીના રોજ યોજાવાની છે. ત્યારે મતદાનની પ્રક્રિયા યોજાય તે પૂર્વે જ ભાજપે કૉંગ્રેસના ઉમેદવારનો ખેલ પાડી દીધો છે.આજ રોજ યોજાઈ રહેલી ફોર્મ ચકાસણીની પ્રક્રિયામાં ભારતીય જનતા પાર્ટી દ્વારા કૉંગ્રેસના અનેક ઉમેદવારોના ફોર્મમાં વાંધા લીધા હોવાનું સામે આવ્યું છે. અત્યાર સુધીમાં વોર્ડ નંબર-૧ના કૉંગ્રેસ પક્ષના ઉમેદવાર ભરતભાઈ શિયાળનું ફોર્મ રદ થયું છે. જ્યારે કૉંગ્રેસ પક્ષના વોર્ડ નંબર-૪ના ઉમેદવાર નારણભાઈ સવસેતાનું ફોર્મ પણ રદ થયું છે. નારણભાઈ સવસેતાના ડમી ઉમેદવાર રામભાઈ જીલરીયાનું ફોર્મ ચૂંટણી અધિકારી દ્વારા માન્ય રાખવામાં આવ્યું છે. આ મામલે કૉંગ્રેસ પાર્ટી ભાજપા પર સત્તાનો દુરુપયોગનો આક્ષેપ લગાવ્યો છે. ભારતીય જનતા પાર્ટીના સિનિયર નેતા ઉદય કાનગડે જણાવ્યું હતું કે, ૧૨૫ વર્ષ જૂની કૉંગ્રેસ પાર્ટી દ્વારા પોતાના જ ઉમેદવારોને મેન્ડેટ આપવામાં મોડું કરવામાં આવ્યું હતું. કેટલાક ઉમેદવારોને મેન્ડેટ જ આપવામાં નથી આવ્યો. જેમાં ભરતભાઈનો પણ સમાવેશ થાય છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા તેના ઉમેદવારી ફોર્મને લઈને વાંધો ઉઠાવવામાં આવતાં ચૂંટણી અધિકારીએ કૉંગ્રેસ પક્ષના ઉમેદવાર ભરતભાઈ શિયાળને પાર્ટી દ્વારા મેન્ડેટ આપવામાં ન આવેલો હોવાથી તેમનું ફોર્મ રદ કરવામાં આવ્યું છે. વાતચીતમાં વોર્ડ નંબર-૪ના કૉંગ્રેસ પક્ષના ઉમેદવાર નારણભાઈ સવસેતાએ જણાવ્યું હતું કે, ભાજપ દ્વારા મારા ફોર્મને લઈને વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. મારે ત્રણ સંતાનો હોવાથી ચૂંટણી અધિકારી દ્વારા મારું ફોર્મ રદ કરવામાં આવ્યું છે. પરંતુ મારા ડમી ઉમેદવાર તરીકે ફોર્મ ભરનાર રામભાઈ જીલરીયાનું ફોર્મ મંજૂર રાખવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે ચૂંટણી પંચ દ્વારા જે નિયમો બહાર પાડવામાં આવ્યા છે તે નિયમ પૈકી બે સંતાનથી વધુ સંતાન હોય તેવા ઉમેદવારોના ફોર્મ સામે વાંધો ઉઠાવવામાં આવે તો ફોર્મ રદ થઈ શકે છે. ભાજપે આ જ નિયમનો સહારો લઈ કૉંગ્રેસ પક્ષના ઉમેદવાર નારણભાઈ સવસેતાનું ફોર્મ રદ કરાવ્યું છે. રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી માટે ઉમેદવારોના ફોર્મની ચકાસણીની પ્રક્રિયા આજ રોજ શરૂ છે. બહુમાળી ભવનમાં વોર્ડ નંબર ૧૦, ૧૧, ૧૨ ના ઉમેદવારોના ફોર્મ ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા કૉંગ્રેસના ઉમેદવારોના ફોર્મ ક અને ખમાં વાંધો લીધો હતો. જોકે, ચૂંટણી અધિકારીએ તે વાંધો ગ્રાહ્ય રાખ્યો ન હતો. ત્યારે ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ પક્ષના નેતા હેમાંગ વસાવડા અને કૉંગ્રેસ પક્ષના વોર્ડ નંબર-૧૨ના ઉમેદવાર વિજય વાંકે ભારતીય જનતા પાર્ટી સત્તાનો દુરુપયોગ કરી ફોર્મ રદ કરાવી રહી હોવાનો આક્ષેપ કર્યો હતો. બીજી તરફ હજુ સુધી ભારતીય જનતા પાર્ટી તેમજ આમ આદમી પાર્ટીના એક પણ ઉમેદવારનું ફોર્મ રદ થયાના સમાચાર સામે નથી આવ્યા. આ વખતેની ચૂંટણીમાં પ્રથમ વખત ભાજપ-કૉંગ્રેસ તેમજ આમ આદમી પાર્ટી દ્વારા તમામ બેઠકો પર પોતાના ઉમેદવારો ઉતારવામાં આવ્યા છે. કૉંગ્રેસ પક્ષના વોર્ડ નંબર-૧ના ઉમેદવાર ભરતભાઈ શિયાળનું ફોર્મ રદ થતા તેમણે મીડિયા સાથે વાતચીતનો ઈંકાર કરી દીધો હતો. બાદમાં નારાજ થયેલા ભરત શિયાળ કલેકટર કચેરી છોડીને જતા રહ્યા હતા.

પોલીસની આબરૂના ધજાગરા

ઈડરમાં બુલેટ ચોરીના શંકાસ્પદ આરોપીને છોડાવી મહિલાઓનું ટોળું ફરાર

પાલનપુર ગ્રામ્ય પોલીસને ખાનગી વાહન અને યુનિફોર્મ વગર આવવાનું ભારે પડ્યું

ઈડર, બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

પાલનપુર ગ્રામ્ય પોલીસ બુલેટ ચોરીના શંકાસ્પદ આરોપીને ઈડર તાલુકાના ઉડા ગામેથી ઝડપ્યો હતો પોલીસ ખાનગી વાહન અને યુનિફોર્મ વગર આવી હતી જે આરોપીને લઈને ઈડર પહોંચી જ્યાં મહિલા સહિતના ટોળાએ બુલેટ ચોરીના શંકાસ્પદ આરોપીને યુનિફોર્મ વગરની પોલીસના સકંજામાંથી છોડાવી ફરાર થઈ જતાં પોલીસની આબરૂના ધજાગરા ઉડ્યા છે. આરોપીને પકડવાનો હતો તો પછી સરકારી વાહનનો કેમ ઉપયોગ ન કર્યો..?? તેવા અનેક સવાલોની ભીંસમાં પાલનપુર ગ્રામ્ય પોલીસ આવી શકે છે.

સૂત્રો પાસેથી મળેલી વિગતો અનુસાર સોમવારે સવારે ઈડર તાલુકાના ઓડા ગામે પાલનપુર ગ્રામ્ય પોલીસ બાતમી આધારે બુલેટ ચોરીના શંકાસ્પદ આરોપીને પકડવા માટે બાતમી આધારે પહોંચી હતી.

શકમંદ મળી આવતાં તેની સામાન્ય પૂછપરછ પછી ઈડર પોલીસ સ્ટેશનમાં ખાનગી વાહનમાં બેસાડીને લાવવામાં આવ્યો હતો. ત્યારે ઈડર ત્રણ રસ્તા નજીક મોટરસાયકલ આડસ તરીકે મૂકી પોલીસનું ખાનગી વાહન રોકવાનો પ્રયાસ કર્યો પરંતુ પોલીસે શકમંદને છોડાવવાની ગંધ આવી જતાં પોતાનું વાહન ઝડપથી બજારમાં લાવી પોલીસ સ્ટેશન તરફ જતા ઈડર તાલુકા સહકારી સંઘ આગળ તરફ દોડાવ્યું હતું જ્યાં ટ્રાફીકનો લાભ લઈ મહિલાઓએ શકમંદને છોડાવી જપાજપી કરી ભાગી છૂટવામાં સફળતા મળી છે. બનાસકાંઠા પોલીસના સકંજામાંથી શંકાસ્પદ આરોપીને મહિલાઓનું ટોળું ઉઠાવી ગયું છે તેવી વિગતો મળતાં સ્થાનિક પોલીસ ધંધે લાગી હતી.

ભિલોડામાં પ્લોટ વેચાણ આપવાના નામે ૭ લાખની છેતરપીંડી : પાંચ સામે ગુનો નોંધાયો

બાયડ, ભિલોડા તા.૦૮

ભિલોડામાં સર્વે નં.૭૫૧ પ્લોટ નં.૮૧વાળી જમીન વેચાણ આપવાના નામે તાલુકાના મલેકપુર ગામના રાકેશ જયંતિભાઈ નિનામા સાથે રૂા.૭ લાખની છેતરપીંડી થઈ છે. ભિલોડા ઉપરાંત બામણા, ધોલવાણી ગામના ઈસમોએ પ્લોટની કિંમત રૂા.૧૫,૫૧,૦૦૦ નક્કી કરી રૂા.૧૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર લખાણ કરી આપ્યા બાદ પ્લોટને બારોબાર વેચી દેતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે ભિલોડા પોલીસે ૫ આરોપીઓ વિરૂદ્ધ વિશ્વાસઘાત તેમજ છેતરપીંડીનો ગુનો નોંધ્યો છે.

પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી મુજબ તાલુકાના મલેકપુરના રાકેશ જયંતિભાઈ નિનામાને ભિલોડામાં વેચાણથી પ્લોટ જોઈતો હોવાથી બ્રિજેશ ચૌહાણના સંપર્કમાં આવ્યા હતા. જેમાં વર્ષ-૨૦૧૯ના સમયગાળામાં બ્રિજેશ ચૌહાણ, રાકેશ મોહનલાલ સોલંકી (રહે.બામણા, તા.હિંમતનગર), ભગવાનદાસ ભલાભાઈ પ્રજાપતિ (રહે.ધોલવાણી, તા.ભિલોડા), મોહનભાઈ સોલંકી (રહે.બામણા, તા.હિંમતનગર) અને જયશ્રીબેન રાકેશભાઈ સોલંકી(રહે.બામણા, તા.હિંમતનગર) વગેરેએ પ્લોટ વેચાણ આપવાની વાતોમાં ભોળવી દીધા હતા. પ્લોટ પેટે ૧૫,૫૧,૦૦૦ની કિંમત નક્કી કરી તેનું લખાણ લખી આપ્યા પછી અલગ અલગ તારીખે વેચાણ રાખનાર પાસેથી રૂા.૭ લાખ ખંખેરી લીધા હતા. પ્લોટ વેચાણ આપવાના નામે છેતરપીંડી આચરવા માટે પાંચેય ઈસમોએ રોકડ રકમ ખંખેરી લીધા પછી સર્વે નં.૭૫૧, પ્લોટ નં.૮૧ વાળી જમીન લખાણ દસ્તાવેજ કરી આપ્યા વગર અન્ય કોઈને વેચી દીધા હતા જેથી પ્લોટ મુદ્દે પોતે છેતરાયા હોવાનું જણાઈ આવતાં રાકેશ નિનામાએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી છે.

ભારતીય રાષ્ટ્રીય મહિલા આયોગ નવી દિલ્હી દ્વારા તેના ૨૯મા સ્થાપના દિન નિમિત્તે ૩૧મી જાન્યુઆરી ૨૦૨૧ના રોજ વિજ્ઞાન ભવન, નવી દલ્હી ખાતે કોવિડ વુમેન વોરીયર્સ-ધ રીટલ હીરોઝ બાબતે વર્કશોપ યોજાઈ હતી. આ વર્કશોપમાં ભારતીય રાષ્ટ્રીય મહિલા આયોગ દ્વારા તાજેતરમાં કોરોના-૨૦૧૯ના કપરા સમય દરમિયાન ગુજરાત રાજય મહિલા આયોગના અધ્યક્ષા લીલાબેન અંકોલીયાની ઉત્કૃષ્ઠ કામગીરીને બિરદાવીને રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષા રેખા શર્મા દ્વારા એવોર્ડ આપીને નવાજવામાં આવ્યા હતા. કોવિડ વોરીયર્સ હીરોઝ સન્માનના કાર્યક્રમમાં રાષ્ટ્રીય કક્ષાએ યોજવામાં આવેલ આ કાર્યક્રમમાં મહેમાન તરીકે પ્રકાશ જાવડેકર-માનનીય મંત્રીશ્રી માહિતી પ્રસારણ-ભારત સરકાર, રતનલાલ કટારીયા-માનનીય રાજયકક્ષાના મંત્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા અને જળશકિત-ભારત સકાર ઉપસ્થિત રહ્યા હતા.

બાયડ તાલુકા મા. અને ઉ.મા. બિનશૈક્ષણિક સંઘના હોદ્દેદારો નિમાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

બાયડ તાલુકા માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બિનશૈક્ષણિક સંઘની સાધારણ સભા

તાજેતરમાં બાયડ હાઈસ્કુલ ખાતે જિલ્લા બિનશૈક્ષણિક સંઘના પ્રમુખ રાજેન્દ્રભાઈ કે. પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગઈ જેમાં બાયડ તાલુકા મા. અને ઉ.મા. બિનશૈક્ષણિક સંઘના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી જેમાં પ્રમુખ રાજેશકુમાર એમ. શાહ(જીતપુર હાઈસ્કુલ), મંત્રી તુલસીગીરી સી.ગોસ્વામી (વાસણીરેલ હાઈસ્કુલ), ઉપપ્રમુખ અશ્વિન વી. પટેલ (ભુડાસણ હાઈસ્કુલ), સહમંત્રી રાજુભાઈ પ્રજાપતિ (બોરલ હાઈસ્કુલ), અન્વેષક ઉમેશભાઈ એ. પટેલ (ગાબટ હાઈસ્કુલ)ની સર્વાનુમતે વરણી થતાં બિનશૈક્ષણિક સંઘના સર્વ સભ્યો તેમજ રાજ્ય બિનશૈક્ષણિક સંઘના પ્રમુખ મહેન્દ્રભાઈ પી. પટેલ વગેરેએ અભિનંદન પાઠવ્યા હતા.

ગજાનન સેવા સમિતિ દ્વારા સિલાઈ મશીન વિતરણ

શ્રી ગજાનન સેવા સમિતિ, સમિતિ દ્વારા અરવિંદ કેન્દ્રના પ્રમુખ ડૉ. તન્ના તરફથી ભીલોડા તાલુકાના જેસીંગપુર ગામ અને મોડાસા તાલુકાના દાવલી ગામના બહેનોને સિલાઈ મશીન આપવામાં આવ્યા હતા. આ સમગ્ર દિવસ ચાલેલ આ કાર્યમાં મફતભાઈ વાઘેલા, અમૃતભાઈ પ્રજાપતિ, ભીમજીભાઈ તથા નિલેન્દુ ગુપ્તે સાથે હતા. આ સાત મશીન અરવિંદ કેન્દ્રના પ્રમુખ ડૉ. તન્ના પાસેથી પ્રાપ્ત થયા હતા. મશીન સાથે કાતર, દોરા તથા પ્રેક્ટીસ માટે કાપડ પણ આપવામાં આવ્યા હતા.

ધો. ૫ થી ૮ ના વર્ગો શરૂ કરવાની ગમે ત્યારે સૂચના મળી શકે છે

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ચૂંટણીનાં નગારાં વાગતાંની સાથે પ્રાથમિક શિક્ષકોને શાળામાં ફરજીયાત હાજરીના આદેશ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

કોરોનાના કારણે સરકારી પ્રાથમિક શાળાઓમાં ધો.૧ થી ૮ ના વિદ્યાર્થીઓની હાજરી વગર શાળાઓમાં ૫૦ ટકા સ્ટાફથી કામગીરી ચાલતી હતી પરંતુ વિભાગ દ્વારા પ્રા.શિક્ષકોને શાળાના સ્ટાફ સાથે ૧૦૦ ટકા હાજરી આપવા આદેશ થતાં પ્રા.શિક્ષકોમાં ઉત્સાહ જોવા મળ્યો પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૨૪૨૮ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ વગર આખો દિવસ કેવી રીતે પસાર કરવો..?? તે બાબત શિક્ષકોને અકળાવી રહી છે. ધો.૫ થી ૮ ના વર્ગો ગમે તે ઘડીએ શરૂ કરવાના આદેશ મળે તેવા સંકેત પણ મળી રહ્યા છે.

સરકાર દ્વારા કોરોનાનું સંક્રમણ વધતાં કોવિડ-૧૯ ગાઈડલાઈનનો શૈક્ષણિક સંસ્થાઓમાં ચૂસ્તપણે અમલ થયો. અત્યારે ભલે કોરોના કેસ સિમિત હોય તેવા આરોગ્ય વિભાગ દાવા કરે પરંતુ ખાનગી આંકડાના કારણે ક્યારેક ચિંતા ઉપજે છે. નવું શૈક્ષણિક સત્ર શરૂ થયાના ૧૦ મહિના પછી પણ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ સાથે શિક્ષણ કાર્ય શરૂ થઈ શક્યું નથી. વિભાગે કોઈને પણ માસ પ્રમોશન નહીં મળે તેવો નિર્ણય જાહેર કર્યો છે. આ બધા સંજોગોમાં હવે ગમે તે ઘડીએ હાઈસ્કુલો પછી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી સાથે શિક્ષણ કાર્ય શરૂ કરવાની વિભાગે તૈયારી કરી છે. જેમાં ગત રોજ પ્રાથમિક શાળાના શિક્ષકોને ફરજીયાત હાજરી આપવા વિભાગના વડા દ્વારા આદેશ કરવામાં આવ્યા હતા. પ્રાથમિક શાળાઓનો સમય સવારના બદલે પૂર્ણ સમયનો કરવાનો અને વિદ્યાર્થીઓને શાળામાં નહીં બોલાવવાની પણ તાકીદ કરી છે. સંભવ છે કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થઈ છે ત્યારે મોટી સંખ્યામાં મતદારો મતદાન કરવા માટે તા.૨૮ ફેબ્રુઆરીએ મતદાન મથકે જશે. ત્યારે સ્વાભાવિક જ સરકારી પ્રા.શાળાઓમાં શિક્ષણ કાર્ય શરૂ ન થાય તો એક મુદ્દો મળે અને વિપક્ષ તાનમાં આવી જાય તે પૂર્વે વિભાગે તમામ પ્રા.શિક્ષકોને શાળામાં ફરજીયાત હાજરી આપવાનો આદેશ આપ્યો છે. પ્રા.શિક્ષકોને ચૂંટણીલક્ષી તાલીમના ઓર્ડર મળ્યા છે અને બીજી તરફ શાળામાં ૧૦૦ ટકા હાજરીના આદેશ થતાં ચૂંટણીનાં નગારાં વાગતાં પ્રા.શિક્ષકોને શિક્ષણ સિવાયની કામગીરીમાં જ ગોઠવાયા છે.

૨૪૦૦ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ વગર શાળામાં દિવસ પસાર કરવો શિક્ષકો માટે અઘરો

જિલ્લામાં બુલેટના તિવ્ર અવાજથી રોંફ જમાવનારા નબીરાઓ સામે તવાઈ ક્યારે..??

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના શહેરી વિસ્તારોમાં તિવ્ર અવાજ ફેલાવી આમ પ્રજા ઉપર રોંફ જમાવવાનો પ્રયાસ કરનાર બુલેટ ચાલક નબીરાઓ સામે પોલીસ અને ટ્રાફીક વિભાગ મુક પ્રેક્ષકની સ્થિતિમાં છે. શહેરી વિસ્તારોમાં બુલેટ લઈને પોતાની જાતિગત ઈમેજ ઉભી કરવા અને અન્ય રાહદારીઓનું ધ્યાન પોતાના તરફ ખેંચવા માટે બુલેટના સાયલેન્સરના ભયંકર અવાજ સાથે દોડતા બુટલેટ ચાલકો સામે તવાઈ ક્યારે તેવો સવાલ પૂછાઈ રહ્યો છે. છેલ્લા કેટલાય સમયથી શહેરી વિસ્તારોમાં તિવ્ર અવાજ ફેલાવતા બુલેટ માથાનો દુઃખાવો બનવાની તૈયારીમાં છે જેથી પોલીસ તેમજ આર.ટી.ઓ. વિભાગે બુલેટથી પ્રભાવ પાડનારાઓ નબીરાઓ સામે પગલાં ભરવાં જરૂરી બન્યા છે.

રાજ્યના વાહન વ્યવહાર વિભાગના મંત્રી આર.સી. ફળદુએ ગૃહ મંત્રીને પત્ર લખી બુલેટમાં મોટા અવાજ વાળા સાયલેન્સર ફીટ કરાવી અવાજ પ્રદૂષણ ફેલાવનારાઓ સામે ફોજદારી રાહે પગલાં ભરવા માટે રજૂઆત કરી છે. ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પણ તવંગર પરિવારોના વંઠેલ નબીરાઓ બુલેટના તિવ્ર અવાજ સાથે રોડ ઉપર રોલો પાડવા માટે દોડી રહ્યા છે છતાં કોઈ પગલાં ભરાતાં નથી. તિવ્ર અવાજવાળા બુલેટનો ક્રેજ સતત વધતાં શહેરી વિસ્તારના આંતરીક રસ્તાઓ પણ સવાર થી સાંજ સુધી બુલેટની દોડાદોડીથી ધમધમતાં સ્થાનિક રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. બુલેટના તિવ્ર અવાજ સામે ખુદ વાહન વ્યવહાર મંત્રીએ લેખિતમાં રજૂઆત કરી હોવા છતાં જિલ્લામાં તેની કોઈ અસર દેખાઈ નથી. જ્યારે પોલીસે પણ ક્યાંય કાર્યવાહી કરી હોય તેવું જાહેર થયું નથી. રાજ્યના પાટનગર ગાંધીનગરમાં બુલેટ રેસરો સામે પોલીસે પગલાં ભરવાની શરૂઆત કરી છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના શહેરી વિસ્તારોમાં પણ સ્પેશ્યલ ડ્રાઈવ કરીને સાયલેન્સરનો અવાજ ફેલાવતા નબીરાઓ સામે કાર્યવાહી કરવી જોઈએ તેવો સૂર ઉઠ્યો છે. જિલ્લાના મોડાસા અને હિંમતનગરના શહેરી વિસ્તારોમાં તિવ્ર અવાજ ફેલાવનારા બુલેટની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. પોલીસ સમયસર પગલાં નહીં ભરે તો તે માથાનો દુઃખાવો બનવાની સંભાવના છે.

પોલીસ-ટ્રાફીક વિભાગ મુક પ્રેક્ષકની ભૂમિકામાં, શહેરી વિસ્તારોમાં બુલેટ માથાનો દુઃખાવો બનવા તરફ..!!

તલોદની નાગરીક સહકારી બેન્કની ચૂંટણીમાં ૨ નવા અને ૧૦ જુના ડીરેક્ટરો ચૂંટાયા

તલોદ, તા. ૮

તલોદની નાગરીક સહકારી બેન્કના ૧૨ જેટલા ડીરેક્ટરોની મુદત પૂર્ણ થતા ચૂંટણીના જાહેરનામા પ્રમાણે ૧૨ જેટલા ડીરેક્ટરોની બેઠક માટે ૧૭ જેટલા ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. ત્યારે ૭૬૮૧ મતદારો પૈકી ૩૨૮૯ મતદારો ઈવીએમથી મતદાન કર્યુ હતુ.

મળતી વિગતો મુજબ તલોદ નાગરીક સહકારી બેન્કના ૧૨ ડીરેક્ટરોની ચૂંટણી માટે જાહેરનામુ બહાર પાડ્યા બાદ ૧૭ ઉમેદવારો વચ્ચે ચૂંટણી રશાકશીભરી બની હતી. રવિવારે ચૂંટણી અધિકારી નીતિનભાઈ શાહની નજર હેઠળ સવારે ૮ વાગ્યાથી મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. વહેલી સવાર બાદ મતદારોના ટોળેટોળા મતદાન કરવા ઉત્સાહી થયા હતા. મતદાન વધારે કરાવવા ઉમેદવારોના ટેકેદારોએ કમર કશી હતી. પોતપોતાની તરફેણમાં વિજયી થવા એડીચોટીનું જોર લાગાવ્યુ હતુ. શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થઈ હતી.

મોડી રાત્રીએ મતગણતરી ચૂંટણી અધિકારી નીતિન શાહની રાહબરીમાં ૧૦ જુના અને ૨ નવા ડીરેક્ટરો વિજયી ઘોષિત થયા હતા. જેમાં કૌશલકુમાર ગજ્જર, મહેન્દ્રકુમાર મિસ્ત્રી, બંસીધર મહેતા, શાંતિલાલ પટેલ, વિપુલકુમાર ગાંધી, પ્રવિણભાઈ પટેલ, ભાવિકકુમાર શાહ, પરેશકુમાર શાહ, મુકેશકુમાર શાહ, જયેશકુમાર શાહ, અશોકકુમાર મિસ્ત્રી, સતિષકુમાર શાહ. જ્યારે સ્ત્રી સિટ માટે નિતાબહેન શાહ, સેજલબહેન મહેતા બિનહરિફ થતા અનુસૂચિ જનજાતિની સીટ હિરાભાઈ ધાનેક પહેલીથી જ બિનહરિફ ઘોષિત કરાયા હતા. આમ નાગરીક સહકારી બેન્કની ચૂંટણીમાં આજે પણ વણિક સમાજનો દબદબો જોવા મળ્યો હતો.

પૈડા પાટે ચઢ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે લોકડાઉન ખુલતા તબક્કાવાર ગાંધીનગર અમદાવાદ વચ્ચેની શહેરી બસ સેવા સહીત બહારગામના રૂટોની પણ બસ સેવા તબક્કાવાર ચાલુ કરવામાં આવી હતી. જયારે સોશિયલ ડીસ્ટન્સીંગના પાલન સાથે શરૂઆતના તબક્કામાં બસમાં નિયત સંખ્યામાં જ મુસાફરોને બેસાડવામાં આવતા હતા. જયારે આ દરમિયાન કોરોનાના કહેર વચ્ચે મુસાફરો પણ સલામત સવારીનો ઉપયોગ ટાળીને ખાનગી કેબનો ઉપયોગ વધુ કરતા એસ ટી ની આવકમાં પણ ધરખમ ઘટાડો થયો હતો. ગાંધીનગર ડેપોને પણ પ્રતિદિન રૂ ૫ લાખની આવકના બદલે માંડ ૧.૫૦ થી ૨ લાખ રૂપિયાની આવક થતી હતી. જયારે હવે કોરોનાનુ સંક્રમણ પણ કાબુમાં આવી ગયુ છે. ત્યારે એસ ટી ડેપોમાં પણ ટ્રાફિક વધુ જોવા મળે છે. એસ ટી બસમાં મુસાફરોની સંખ્યા વધી છે. એસ ટી બસમાં હવે સામાન્ય દિવસોની જેમ જ ટ્રાફિક જોવા મળી રહ્યો છે. ત્યારે ગાંધીનગર ડેપોની આવક પણ અગાઉની જેમ પ્રતિદિન રૂ ૫ લાખ સુધી પહોંચી ગઈ છે. જેના લીધે ડેપોના તંત્રએ પણ રાહત અનુભવી છે. ગાંધીનગર ડેપોમાં મુસાફરોને ધ્યાને લઈ અપડાઉન કર્તાઓને હાલાકી ન વેઠવી પડે તે માટે બાકી રહેતા રૂટોમાં એસ ટી બસનુ યોગ્ય સંચાલન કરવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે.

કટ બંધ કરવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માર્ગ અકસ્માત નિવારવાના હેતુથી સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ દેશમાં સૌ પ્રથમ ગુજરાતે રોડ સેફટી ઓથોરિટીની રચના કરી છે. ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા પણ માર્ગ અકસ્માતને ડામવા માટે અસરકારક પગલા લેવામાં આવે છે. હાલની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં પણ અકસ્માતની દ્રષ્ટિએ ૩૮ બ્લેક સ્પોટ છે. જયારે આ પૈકી ૧૮ બ્લેક સ્પોટ નિવારવા પગલા પણ લેવાયા છે. અકસ્માતો નિવારવા માટે અડાલજ ત્રિમંદિર પાસે ચાર કટ અને કુડાસણ ચાર રસ્તા પાસે પણ કટ બંધ કરી દેવાયો છે. ગાંધીનગર જિલ્લા રોડ સેફટીની બેઠક દરમિયાન પણ જિલ્લા કલેકટર, સભ્ય સચિવ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી એમ આર ગજ્જર દ્વારા પણ માર્ગ મકાન વિભાગને સુચના આપવામાં આવી હતી. જે અન્વયે આ જોખમી સ્પોટ પર કટ બંધ કરી દેવાયા હતા. જિલ્લાના અન્ય માર્ગો પર પણ રોડ સેફટીના ભાગરૂપે થર્મોપ્લાસ્ટના પટ્ટા ,સાઈન બોર્ડસ અને બ્લીનકર્સ પણ મુકવામાં આવ્યા છે. જો કે જિલ્લાના અન્ય માર્ગોની જેમ શહેરી વિસ્તારમાં પણ અન્ય કટસ બંધ કરવાના મામલે હજુ નિરસતા સેવાઈ રહી છે.

કાયદાથી ચાલે છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

લઈ આવો, આંદોલન ખતમ કરો. પછી બેસીને ચર્ચા કરીશું તમામ રસ્તા ખુલ્લા છે. આ તમામ અમે કહ્યું છે અને આજે પણ હું આ ગૃહના માધ્યમથી નિમંત્રણ આપું છું. જોકે આંદોલનકારી ખેડૂતોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ટિપ્પણી પર વાંધો ઉઠાવ્યો હતો, જેમાં તેમણે કહ્યું હતું કે પ્રદર્શનકારીઓની એક નવી જમાત પેદા થઈ ગઈ, જેને આંદોલનજીવી કહેવામાં આવે છે. ખેડૂત સંગઠનોનું કહેવુ હતું કે લોકતંત્રમાં વિરોધ પ્રદર્શનોની ભૂમિકા મહત્વની છે. આ મુદ્દે સંયુક્ત કિસાન મોરચાના નેતા શિવ કુમાર કક્કાનું કહેવુ હતું કે કિસાન સંગઠનો આગળના તબક્કે વાતચીત માટે તૈયાર છે અને સરકારે તેમને તારીખ અને સમયની જાણકારી આપવી જોઈએ. ખેડૂત નેતાનું કહેવુ હતું કે સરકાર સાથે વાતચીતથી અમે ક્યારે ઈનકાર નથી કર્યો, જ્યારે પણ વાતચીત માટે બોલાવવામાં આવ્યા અમે મંત્રીઓ સાથે વાતચીત કરી.

આંદોલન ખતમ કરવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુધી કોઈ તણાવ પેદા થયો નથી. એકબીજાની વાત સમજવાનો, સમજાવવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. અમે આંદોલન કરનારાઓને પ્રાર્થના કરીએ છીએ કે આંદોલન કરવાનો બધાનો હક છે. પરંતુ આ રીતે વૃદ્ધ લોકો બેઠા છે એ યોગ્ય નથી તમે તેમને લઈ જાઓ. તમે આંદોલનને ખત્મ કરો. આગળ વધવા માટે સાથે બેસીને ચર્ચા કરીશું. હું ગૃહના માધ્યમથી પણ નિમંત્રણ આપું છું.

આપણે આગળ વધવું જોઈએ, દેશને પાછળ લઈ જવો જઈએ નહીં, પક્ષો હોય વિપક્ષ હોય આ સુધારાઓને આપણે તક આપવી જોઈએ. આ પરિવર્તનથી લાભ થાય છે કે નહીં. કોઈ કમી હોય તો ઠીક કરીશું, એવું તો નથી કે બધા દરવાજા બંધ કરી દીધા હોય. આથી જ હું કહું છું કે વિશ્વાસ અપાવું છું કે મંડીઓ આધુનિક બનશે, વધુ પ્રતિસ્પર્ધી બનશે. ટેકાના ભાવ છે , હતા અને રહેશે. આ સદનની પવિત્રતા સમજો. મહેરબાની કરીને ભ્રમ ના ફેલાવીએ કારણ કે દેશે આપણને વિશિષ્ટ જવાબદારી સોંપી છે.

સેન્સેક્સ

● અનુસંધાન પહેલાનું ચાલુ

એરટેલ, પાવરગ્રિડ, ઈન્ફોસીસ અને આઈસીઆઈસીઆઈ બેંકે પણ સારું પ્રદર્શન કર્યું છે. બીજી બાજુ, જે શેરોમાં ઘટાડો થયો છે તેમાં એચયુએલ, કોટક બેંક, બજાજ ફાઈનાન્સ, ઈન્ફોસીસ અને આઈટીસીનો સમાવેશ થાય છે. રિલાયન્સ સિક્યોરિટીઝના વ્યૂહરચના બાબતોના વડા વિનોદ મોદીએ જણાવ્યું હતું કે સ્થાનિક શેરબજારમાં તેજીકારોનો દબદબો છે અને બેંચમાર્ક ઈન્ડેક્સ સતત છઠ્ઠા દિવસે પણ યથાવત્ છે. તેમણે કહ્યું, હિંમતવાન સુધારાના આગમન સાથે, મૂડી ખર્ચમાં વધારાની વચ્ચે આર્થિક પુનરુત્થાનમાં ટકાઉ સુધારણાની સંભાવનાને મજબૂત બનાવવામાં આવી છે. રોકાણકારોના ભાવના પર આની સકારાત્મક અસર પડી છે. એશિયાના અન્ય બજારોમાં શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ, હોંગકોંગનું હેંગસેંગ અને જાપાનની નિક્કી નોંધપાત્ર રીતે વધ્યા હતા. જ્યારે દક્ષિણ કોરિયાની કોસ્પી તૂટ્યો હતો. યુરોપના મુખ્ય બજારોમાં ફોરનન ટ્રેડિંગમાં સકારાત્મક વલણ હતું.

હિંમતનગરની એક હોસ્પિટલમાં સિઝેરિયન કરાવ્યા પછી પણ રક્તસ્ત્રાવ ચાલુ રહેતા તબીબ વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૦૮

હિમતનગરની એક ગાયનેક હોસ્પીટલમાં મહિલાએ સિઝેરિયન કરાવ્યા બાદ રીકવરીનાં વાત તેના ત્રણ ત્રણ ઓપરેશન કરાવવા છતાં હજુ મહિલાને રિકવરી ન આવતા આ મહિલાના પતિએ હવે પોતાની પત્ની સાથે જે થયું એ અન્ય સાથે ના થાય એ માટે હોસ્પિટલ સામે બાંયો ચડાવી છે અને તેણે આજરોજ જિલ્લા કલેકટર, જિલ્લા પોલીસ વડાને લેખિતમાં આ અંગે રજુઆત કરી છે

થોડા સમય પહેલા હિંમતનગરના દ્રીપલ પટેલે તેમના પત્નીને હિમતનગરની વરદાન ગાયનેક હોસ્પિટલમાં પ્રસુતિ માટે દાખલ કરવામાં આવ્યાં હતાં..જેમાં ડોકટરે સિઝેરિયન કરી બાળકનો જન્મ થયો હતો. જો કે સિઝેરિયન બાદ યુવતીની હાલત કથળી ગઈ છે.અને જ્યાં ઓપરેશ કર્યું છે ત્યાંથી પીળું પ્રવાહી અને રક્તસ્ત્રાવ શરુ થઈ ગયો છે.આ માટે બીજા ત્રણ ઓપરેશન કરાવ્યા છતાં હજુ યુવતીની હાલત જૈસે થે છે.

પત્નીની હેરાનગતિને લઈને તેમણે બીજા ડોકટરોને પણ બતાવ્યું. જો કે બીજા ડોકટરોએ જ્યાં ઓપરેશન કરાવ્યું હોય ત્યાં જ જવાની સલાહ આપી. હાલમાં આ યુવતીની હેરાનગતી વધી ગઈ છે.જેને લઈને હવે દ્રીપલ પટેલે સાબરકાંઠા જિલ્લા પોલીસ વડા સહિત જિલ્લા કલેકટરને આ બાબતે લેખિતમાં ફરિયાદ કરી છે.તો બીજી તરફ ડોકટરને આ બાબતે પૂછતાં તેમણે જણાવ્યું કે આ તકલીફ નોન મેડિકલ કોમ્પ્લિકેશન હોવાનું જણાવ્યું હતું.

હાલમાં દ્રીપલ પટેલે પોતાની પત્ની જેવું અન્ય કોઈ યુવતી જોડે નાં થાય એ માટે સી.એમ. કાર્યાલય સહિત આરોગ્ય મંત્રી અને મેડીકલ વિભાગમાં પણ લેખિતમાં રજૂઆત કરી છે અને ડોકટર સામે કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી છે..